સુબોધાક્ષરી

શ્લોક.

धृतिःक्षमादमोऽस्तेयं शौचमिन्द्रिय निग्रहः।
धीर्विद्या सत्यमक्रोधो दशकं धर्म लक्षणम् ॥

કર્ત્તા

જોશી ત્રીકમજી પુરૂષોત્તમ કોટવાલ.

કીંમત રૂ. ૦-૨-૦

શુદ્ધિપત્ર.

અસુદ્ધ	સુદ્ધ	પૃષ્ઠ	પંક્તિ
નિરીરક્ષણુ	નિરીક્ષણુ	૪	૧૩
ધી	ધીઃ	૪	૨૭
સત્ય	सत्यम्	૪	[illegible]
જેનામો	જેનામાં	૪	૨
જેનામાં છે તેજ	સર્વ ધર્મોને	૪	૨૬
ज्ञ	ज्ञ	૫	૯

પ્રથમાવૃત્તી   પ્રત ૨૦૦૦

આ બુક મુંબઈ નં. ૯૩, ચીંચપોકલી, પરેલ રોડ પર લેડી નોર્થકોટ હિંદુ ઓર્ફનેજ કે. એન. સેલર પ્રેસમાં ધોંડીબા નારાયણ વનારસે છાપી છે અને જોશી ત્રીકમજી પુરૂષોત્તમ કોટવાલે મુંબઈ નં. ૩ માં ઘર નં. ૨૪, ૨૮ ઇમામજી સ્ટ્રીટ ઠા. ડુંગરશી નાગજીના માળામાં પ્રસિદ્ધ કર્યું છે.

ૐ

ગ્રંથાર્પણ.

પરમ પુજ્ય સદ્‌ગત

પિતાશ્રી પુરૂષોત્તમ જાદવજી કોટવાલ.

પુજ્યશ્રી અત્યારે આપ આ અસાર ક્ષણભંગુર સંસારથી અળગા થઇ અખંડ સચ્ચિદાનંદના શુદ્ધ સ્વરૂપમાં લીન છો. મારા ઉપર આપના અનેક ઉપકારો-ઋણો છે. તેનો બદલો વાળવા હું કયારે પણ સમર્થ થઇશ નહીં. તોપણ મારા થકી જે કાંઇ સત્કાર્ય થાય તેનું પુણ્ય આપને અર્પણ કરી યદ્દકિંચિત પણ મારા ઋણમાંથી મુકત થવા મારે પ્રયત્ન કરવો જોઇએ. આપ સમર્થ કવિ હતા, તેથી અત્યારે જો આપ મારી પાસે વિદ્યમાન હોત તો મને મારા આ કાર્યમાં કીંમતી મદદ કરત. પણ તે લાભ મારા પ્રારબ્ધમાં નિર્માણ નહીં તેથી આવો સમય પ્રાપ્ત થાય ત્યાર પહેલાંજ આપે નિર્વાણપદ સંપાદન કર્યું. આપના અગાધ સ્નેહનું સ્મર્ણ રાખવા આ સુબોધાક્ષરી આપને અર્પણ કરી એમ ઈચ્છું છું કે આ પુસ્તકના પ્રસ્તાવથી જે કાંઇ સત્કર્મનો પ્રચાર થાય તેનું પુણ્ય આપના આત્માને મળો એવી ભાવના છે.

મહાશિવરાત્રી	લી.
૧૯૭૧	આપનો અનંત ઋણી,
મુ. વીલેપારલે	ત્રીવિક્રમ.

આભાર.

મને આ પુસ્તકનાં પ્રચારમાં નિઃસ્વાર્થ મદદ
કરનાર ગૃહસ્થોના નામ.

ગુંસાઇ રીધગીરજી પ્રાણુગીરજી
શા. શિવચંદ કચરા
ઠા. માવજી ખેરાજ નાગજી
ઠા. લીલાધર મુરારજી
ઠા. રત્નસિંહ તુલસીદાસ
ઠા. રવજી માવજી
ઠા. વલભજી રામજી
ઠા. મુલજી પ્રધાન
ઠા. લાલજી હરજી ભવાન
જોશી મયાશંકર સુરજી લધા

હું ઉપરના ગૃહસ્થોનો આભાર માની એમ ઇચ્છું છું કે સદૈવ તેમનાં આવા સત્કાર્યો કરવાન સામર્થ્ય અને શ્રેષ્ઠ પ્રકારની સંતતિ અને સંપત્તિમ અભિવૃદ્ધિ થાઓ.

લી.

જોશી ત્રીકમજી પુરૂષોત્તમ કોટવાલ

પ્રસ્તાવના.

આ પૃથ્વી પર ઉત્પન્ન થઇ મનુષ્ય માત્રે પોતાનું કર્તવ્ય, કર્મ શું છે તે જાણવાની અવશ્ય આવશ્યકતા છે. આ સુબોધાક્ષરીમાં પણ મનુષ્યના કર્તવ્ય-કર્મનુંજ દિગ્દર્શન કરાવેલું છે. જો કોઈ પણ મનુષ્ય તેનું ખંતથી શ્રવણ, મનન, કે નિદીધ્યાશન કરશે તો તે પોતે સદાચારી, સુવિચારી, અને સત્યાગૃહી બની, બીજાને સન્માર્ગી બનાવી, પોતાની મનુષ્ય તરીકેની ફરજમાંથી મુકત થઈ પોતાના જન્મ ધર્યાનું સાર્થક કરી અખંડાનંદ મેળવી શકશે.

જયાં સુધી આપણામાં પારમાર્થિક-બુદ્ધિ, ઐકય-તા-સંપ, અને સ્નેહ નથી, ત્યાં સુધી આપણો અભ્યુદય-ઉન્નતિ આપણાથી આઘે-છેટે છે. પાર-માર્થિક વૃત્તિ એ સ્નેહ અને સંપની સબળતા પર અવલંબેલી છે. જયાં સુધી આપણામાં વિશ્વવ્યાપી-સાર્વજનિક પ્રેમ નથી, ત્યાં સુધી બીજાનું ભલું-શ્રેય કરવાની ઇચ્છા ઉદ્‌ભવેજ નહીં; અને બીજાને સંતોષ્યા વિના કોઇને પણ સુખ થાય નહીં એ નિર્વિવાદ છે.

આપણે બધા એકજ પિતાના પરિવાર છીએ, તેથી પરસ્પર એક બીજાને પોતાની શક્તિ અનુસાર

સહાયતા આપી સુખી કરવા એ આપણી મનુષ્યની ફરજ–ધર્મ છે. "ધર્મ એટલે ધારણ કરવાની–ગ્રહણ કરવાની ફરજ." આ ધર્મ–ફરજનું ઓછા યા વધુ પ્રમાણમાં પાલન થાય તેનું કારણ દેશ, કાળ અને રૂઢી છે.

સામ્પ્રત સમયે બહારના આચરણોનેજ ધર્મ કહેવામાં આવે છે. આન્તરિક ભાવના–લાગણી કેવી છે, તેના પ્રતિ કોઇનું લક્ષ હોય એમ લાગતું નથી. જો આન્તરિક અને બાહ્યીક વ્હેવાર–આચાર એ ઉભયનું યથોચિત અવલોકન થાય તો કેટલાક ધાર્મિક આચારોની ભિન્નતાથી જે દ્વેષ ઉત્પન્ન થાય છે તે થાય નહીં; પણ આતરિક અને બાહ્યીક ઉભય બાબતોનું નિરીરક્ષણ કરનાર થોડા છે. કદાચ આપણા બહારનાં આચરણનું સમયપરત્વે પરિવર્તન થાય એ સ્વાભાવિક છે. પણ સનાતન ધર્મમાં લેશમાત્ર ફેરફાર થયો નથી, અને થશે પણ નહીં. સનાતન ધર્મના લક્ષણઃ—

धृतिः क्षमा दमोऽस्तेयंशौचमिन्द्रिय निग्रह : ।
धीर्विद्या सत्यमक्रोधो दशकं धर्म लक्षणम् ॥

અર્થ–(૧) धृतिः–ધીરજ (૨) क्षमा–સહન કરવું (૩) दमः રોકવું (૪) अस्तेयम्–પ્રમાણીકપણું (૫) शौचम्–પવિત્રતા (૬) इद्रियनिग्रहः–પાંચ ઇન્દ્રિને વશ રાખવી. (૭) धी બુદ્ધિ (૮) विद्या–જ્ઞાન (૯) सत्य–સચ્ચાઇ (૧૦) अक्रोधम्–શાન્તિ. આદશ ધર્મના લક્ષણ–ગુણ છે. અને આ દશ ગુણો જે નામો છે તેજ ખરેખરો ધર્મનિષ્ઠ છે વળી આ દશ ગુણો જેનામાં છે તેજ માન્ય છે. માટે

વાસ્તવિક–ખરેખરો ધર્મ ફરજ એજ છે; અને તેનુંજ સંપૂર્ણ પ્રતિપાલન કરવાથી, કલ્યાણ–મોક્ષ કિંવા અન્ય જે કાંઇ મેળવવાની અભિલાષા હશે તે પરિપૂર્ણ થશે. આટલું કહી Short and Sweet એ વાકયને અનુસરી વિરમું છું.

આ પુસ્તકની ભાષા જેમ બને તેમ સરલ અને ચાલુ વપરાસની રાખી છે; જેથી સાધારણ–અલ્પ અભ્યાસવાળા જીજ્ઞાસુને પણ સમજવી સહેલી પડશે. આ મુળાક્ષરીમાં ङ, ज्ञ, ण, ळ, આ ચાર અક્ષરનો ઉપયોગ કર્યો નથી. તેના કારણમાં માત્ર એટલુંજ કહીશ કે પ્રથમનાં બે ચાલુ વપરાસમાં નથી અને પાછળનાં કોઇ કોઈ સ્થળે પ્રથમાક્ષરે આવતાં નથી તેથી પડતાં મુકયાં છે; પણ જો તેથી કાંઇ અયોગ્ય થતું હોય તો સુજ્ઞોએ ક્ષમા કરી યોગ્ય સૂચના કરવી; આવી સૂચના કરનારનો ઉપકૃત થઇશ.

લી°

જોશી ત્રીકમજી પુરૂષોત્તમ કોટવાલ.

આ પુસ્તક મળવાના ઠેકાણાં

મુંબઈ—પંડિત જયેષ્ઠારામ મુકુન્દજી બુકસેલર
નં. ૩૫૩ કાલબાદેવી રોડ. મુંબઈ
કચ્છ-માંડવી—ગુસાંઇ સુખલાલ ગીરજી વેદાન્ત
પ્રબોધિની પાઠશાળા ભુજવાળા નાકા બહાર
કચ્છ ભુજ—જોશી વિસનજી રાઘવજી ઘોડાડ
સુપ્રિન્ટેન્ડેન્ટ

આ શિવાય કર્ત્તા પાસેથી મળશે એક રૂપી-માથી ઓછી કીંમતની વી. પી. થઇ શકશે નહીં માટે પોસ્ટ સ્ટામ્પ બીડવા મહેરબાની કરવી. એકસો પ્રત સામટી ખરીદનાર માટે ખાસ ભાવ છે. માટે લખી જણાવવું.

લી૦

જોશી ત્રીકમજી પુરૂષોત્તમ કોટવાલ
નં. ૨૪–૨૮ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.

ॐ

सर्वे

સુબોધાક્ષરી

ચોપાઈ.

* * *

કક્કા કર પરમારથ કામ,
જેથી થાય પ્રસન્ન જગશ્યામ;
પરોપકાર સમ નથી કોઈ ધર્મ,
મનમાં એ સમજી લે મર્મ.
તેથી તે આચરવા કાજ,
ધર દિલમાં તું પરની દાઝ;
પરોપકારી પર સહુની પ્રીત,
કક્કા છે એ વાત ખચીત. ૧

ખખ્ખા ખોટું મુખે નવ કહેવું,
સત્ય કાજ સંકટ સહુ સહેવું;
સત્યવાદી છે જે નરનાર,
તેનો સમજ સફળ અવતાર.
જૂઠાને નથી જગમાં માન,
તેનું જીવન શ્વાન સમાન;
જો સુખની ઇચ્છા મન કરો,
ખખ્ખા ખળ ખોટાથી ડરો. ૨

* * *

ગગ્ગા ગુણ ગ્રાહકતા ધરવી,
સત્યાસત્ય પરીક્ષા કરવી;
જેમાં શ્રેષ્ઠ ગુણો પરખાય,
તેની તું કરજે રક્ષાય.
જેમાં અવગુણ અદકાં ભાળ,
તજ તેની સંગત તત્કાળ;
ગુણ માટે જે અર્પે પ્રાણ.
ગગ્ગા તે ગુણ ગ્રાહક જાણ. ૩

ઘદ્ધા ઘડપણ આવે જયારે,
તૃષ્ણા તનની તજજે ત્યારે;
તૃષ્ણાથી જાગી જંજાળ,
આવી વળગે આળપંપાળ.
આળપંપાળે અતિ દુઃખ થાય,
તે ઘડપણમાં નહીં સહેવાય;
ઘડપણનાં છે જે સુખસાજ,
ઘદ્ધા તે મેળવ તું આજ. ૪

* * *

ચચ્ચા ચિત્ત ચંચળતા ધરો,
અન્તરથી આળસ પરહરો;
આળસથી થાશે અતિ હાણ,
આળસ સાથ દરિદ્ર પ્રમાણ.
દુઃખી દરિદ્રી સમાન ન કોઇ,
લેજે તું જગમાંહી જોઇ;
સુખ સંપત્તિ મેળવવા સારૂ,
ચચ્ચા કરજે આળસ ન્યારૂં. ૫

છઇચ્છા છાનું ન રહે કાંય,
મેલ્યું હોય ભલે મનમાંય;
સઘળું જાણે અન્તરયામી,
તેથી છાનું એ વાત નકામી.
ઘટ ઘટમાં જે વ્યાપી રહ્યો,
તેને નહીં લક્ષે તેં લહ્યો ?
પ્રભુને છેતરવા છલ કરે,
છઇચ્છા મૂર્ખ તેથી તું ઠરે. ૬

* * *

જજ્જા જન્મ ધરી જગ માંય,
તારી ફરજ તું સમજ્યો કાંય ?
ભુલ્યો ત્યાં બોલેલાં બોલ,
ભુલ્યો સહુ જે આપ્યાં કોલ.
અહીં આવી આ જે તું કરે,
તેથી નહીં ભવસિન્ધુ તરે;
સદાચાર સુવિચારો ધરી,
જજ્જા જન્મ સફળ લે કરી. ૭

ઝઝૂઝા ઝાકળ સમ જગ જાણ,
કાયાનું કર કાંઈ કલ્યાણ;
સત્કર્મે સઘળાં સુખ મળે,
ઝાઝે યત્ને જે નહીં જડે.
સન્મારગમાં વૃત્તિ રાખ,
જેથી સહુ સુખના ફળ ચાખ;
જગ જન્મ્યાનું સાર્થક એહ,
ઝઝૂઝા જીત્યું જગનું નેહ. ૮

* * *

ટથી ટાળો સહુ સંતાપ,
મેળવવા સુખ શાન્તિ અમાપ;
શાન્તિમાં સુખ સર્વ સમાય,
અતિ દુ:ખ અશાન્તિએ ઉભરાય.
દુ:ખે દેહે પામે પરિતાપ,
માટે સઘળાં કલેશો કાપ;
કુટેવ કોઇ પાડી હશે,
ટ અક્ષર તે તો નહીં જશે. ૯

ઠઠ્ઠા ઠગવૃત્તિ નાહિ ધરજે,
પરધન પરનારી પરહરજે;
ઠગવાથી જે મળશે દામ,
તેમાં નથી સુખ કે આરામ.
એવું ધન જે રાખે પાસ,
તેનો થાય અવશ્ય વિનાશ;
ધળ થવા એ ધનની વકી,
ઠઠ્ઠા એ ગતિ ઠગની નકી. ૧૦

* * *

ડડ્ડા ડાહ્યો થાવા કાજ,
પ્રથમ ક્રોધ કરવાનું ત્યાજ;
ક્રોધી મુર્ખ મહા મતિમંદ,
પામે નહીં કદી સુખની ગંધ.
અભિમાને જે અંધો થાય,
તેને ડાહ્યો નહિ કહેવાય;
સમજો સમય ચતુર થઈ ચીત,
ડડ્ડા એ ડહાપણની રીત. ૧૧

ઢઢ્ઢા ઢાંકયું ન રહે પાપ,
પ્રકટ થાય તે આપોઆપ;
પાપે ઉપજે જે પરિતાપ,
તેનો થાય ન કોથી માપ.
સંપત્તિ સર્વ પ્રકારે જાય,
સ્નેહી શત્રુ સમ સમજાય;
ચિત્તવૃત્તિ ચંચળ અતિ થાય,
ઢઢ્ઢા કહે એ કેમ ઢંકાય ? ૧૨

* * *

તત્તા તજજે તનનો ગર્વ,
ક્ષણભંગુર છે સૃષ્ટિ સર્વ;
પંચ તત્વની સહુ પેદાશ,
એક સ્વામી તો બીજો દાસ.
અંતે સઘળાં એક સમાન,
તો પછી કાં કરવો અભિમાન;
અભિમાને અતિ હિતની હાણ,
તત્તા તું એ તત્વ પ્રમાણ. ૧૩

થથ્થા થાવાનું તે થાય,
તે અટકાવા નથી ઉપાય;
ભલે હોય કોઈ ભારે ભૂપ,
તે પણ કાળ કને રહે ચૂપ.
નહીં ચાલે ત્યાં કોનું જોર,
એ સામર્થ્ય અલૌકિક ઓર;
નહીં પામે કોઈ તેનો પાર,
થથ્થા એ નિશ્ચય નિરધાર. ૧૮

* * *

દદ્દા કરો દીનપર દયા,
સરખા દિન નથી કોના રહ્યા;
ક્ષણે રાય તો ક્ષણમાં રંક,
એ નિરમાણ વિધિનું અંક.
સહુની ચડતી પડતી થાય,
નહીં કો સુખીઓ રહે સદાય;
આવ્યા કઇક અને કઈ ગયા,
દદ્દા કરો દીનપર દયા. ૧૯

ધદ્ધા ધરવી ધીરજ સદા,
પ્રાણાન્તે નહીં ત્યજવી કદા;
ધૈર્ય ધરે નહીં જે નરનાર,
તે નહીં પામે પદારથ ચાર.
પશુમાં પણ ધીરજ છે બહુ,
સહુ જાણો તે હું શું કહું?
ધૈર્ય થકી સુધરે સહુ કાજ,
ધદ્ધા એ કહે સકળ સમાજ. ૧૬

* * *

નન્ના નથી અચળ આ કાંય,
જે તું જુવેછે જગ માંય;
આખર એ સહુ પામે નાશ,
તેમાં નહીં કંઈ રાખીશ આશ.
અચળ એક ઇશ્વરને જાણ,
બીજું બધું ચળીત પ્રમાણ;
જન્મે તેહ મર્ણને મળે,
નન્ના તેમાં ફેર ન પડે. ૧૭

પપ્પા પ્રભુથી કરજે પ્રીત,
તેથી થાશે મોક્ષ ખચીત;
બંધન મોક્ષ બધું એ કરે,
એની ઇચ્છાએ સહુ ફરે.
એની જ્યાં અવગણના થશે,
ત્યાં જરૂર આપત્તિઓ જશે;
ઇશ નહીં ત્યાં અદકું દુઃખ;
પપ્પા છે પ્રભુ પદમાં સુખ. ૧૮

* * *

ફફ્ફા ફોકટ કાં ફુલાય,
આખર એકરૂપ સહુ થાય;
જુલ્મ જેહ બીજા પર કરે,
સહેવાં પડશે તે આખરે.
ત્યારે જાશે શુદ્ધ ને સાન,
તેનું રાખ કંઇક તું ધ્યાન;
અથડાશે આખર તું અંધ,
ફફ્ફા મુક વૃથા સહુ ફંદ. ૧૯

બબ્બા બુદ્ધિબળ સંભાર,
તેનાથી મળશે સુખ સાર;
બુદ્ધિ વિણ નહીં કાંઇ બને,
સહેલું એ સમજાયે મને.
માટે બુદ્ધિ મળવા તણા,
શોધ ઉપાય જગતમાં ઘણા;
બુદ્ધિથી સઘળાં અઘ ટળે,
બબ્બા જગમાં યશ પણ મળે. ૨૦

* * *

ભભ્ભા ભાઇ ભલાઇ કરો,
તો જગમાં જશ પામી ફરો;
જેણે જગમાં જશ નથી કર્યો,
વૃથા જન્મ તો તેણે ધર્યો.
ભલપણ વિણ યશ પામ્યો કોઇ,
એવું આવ્યો છે કો જોઈ?
ભલો ભણાશે જે જગ મહીં,
ભભ્ભા તે સમ કોઇ નહીં. ૨૧

મમ્મા મૂકો મારૂં તારૂં,
અંતે આ સહુ થાશે ન્યારૂં;
હમણાં મીઠું તે પછી ખારૂં,
સમજે સરસ તે સર્વ નઠારૂં.
માટે તેની મમતા મૂકો,
શા માટે નિજ સ્વરૂપ ચૂકો;
મોહ ને મદ સહુ અળગાં કરો,
મમ્મા એજ માર્ગ છે ખરો. ૨૨

* * *

યય્યા યત્ને છે સહુ સાધ્ય,
માટે પ્રીતે યત્નારાધ્ય;
યત્ને સુખ સંપત્તિ પણ મળે,
યત્ને મન વાંચ્છિત સાંપડે.
જેણે જગમાં યત્ન ન કર્યું,
તેનું કોઇ કાર્ય નથી સર્યું;
યત્ન કરીશ જો જતને કરી,
યય્યા નથી સંપત્તિ પરી. ૨૩

રર્‌રા રાખ રટન સમ રીત,
તો તું રહીશ અજીત ખચીત;
બોલે એક ને કરશે અન્ય,
તેને જાણી લે દૂર જન્ય.
મુખ અમૃત અંતરમાં વિષ,
રાખીશ તો નહીં સુખ પામીશ;
કહેણી તેવી કરણી નેક,
રર્‌રા રાખો એવી ટેક. ૨૪

* * *

લ અક્ષર લક્ષ્મી ને લાજ,
એ બેથી સુધરે સહુ કાજ;
જેની પાસે એ બે નથી,
તે જાણો ન્યારો સર્વથી.
એ બે વિણ નહીં મળશે માન,
એ શાણા સહુ રાખો ધ્યાન;
લક્ષ્મી લાજ ને લક્ષણવંત,
લ અક્ષરથી સહુ શોભંત. ૨૫

વળ્વા વદો વિચારી વાણ,
એમાં રહે લાભ ને હાણ;
જીભેથી યશ ને જર મળે,
દુઃખ ક્યારેક એથી સાંપડે.
માટે બોલ વિચાર બોલ,
બોલ એજ સહુથી અણમોલ;
તેની નહીં જો કીંમત કરો,
વળ્વા વૃથા વાણી ઉચરો. ૨૬

* * *

શશ્શા સ્વ શક્તિ અનુસાર,
કરજે અહાર અને વ્હેવાર;
શક્તિથી જે અદકું કરે,
માંદો થઈ વિણ મોતે મરે.
દેખાદેખી કરશે જેહ,
પાછળ બહુ પસ્તાશે તેહ;
સ્વ સામર્થ્ય સંભારે સહી,
શશ્શા તે દુઃખી થાયે નહીં. ૨૭

ષ્ખા શ્રેષ્ઠ સર્વથી એહ,
જેથી વાધે જગનું નેહ;
જેના પર નથી કોનો પ્યાર,
તેનો વૃથા ગયો અવતાર.
એવા જન જન્મી શું કરે?
ઢોર હરાયાની જ્યમ ફરે;
વિનય વાક્યનો કરે ઉચ્ચાર,
ખ્ખા મળશે જગનો પ્યાર. ૨૮

* * *

સસ્સા સંગ સજ્જનનું કરો,
તેના સહુ સદ્‌ગુણ સંઘરો;
સદ્‌ગુણથી સર્વે સુખ થાય,
સુખનો રહેલે એજ ઉપાય.
નીચ નરોથી કરશે નેહ,
થાશે દુઃખી તે નથી સંદેહ;
સંગત સમ સમજીને રંગ,
સસ્સા કરો સજ્જનનું સંગ. ૨૯

હહૂહા હજી સમય નથી ગયો
લઇ લે લાભ જાય છે વહ્યો;
એક ઘડી અમુલ્ય પ્રમાણ,
પળ માત્રે થાયે કલ્યાણ.
એમ કહે સત્‌પુરૂષો કથી,
તેમાં લેશ શંકાએ નથી;
એવો સમય વહી જો જશે,
હહ્હા હાથ ઘસંતો થશે. ૩૦

* * *

ક્ષક્ષા ક્ષણ જે વ્યર્થ વટાય,
તેમાં આયુષ્ય ઓછું થાય;
જગ જન્મ્યાનું સાર્થક કરો,
શુભ કૃત્યો સ્નેહે આચરો.
શુભ કૃત્યે થાશે શુભ મતિ,
મતિ તેવી જાણો તમ ગતિ;
મતિને સ્થિર જો કરશે કોઈ,
ક્ષક્ષા ક્ષણમાં તરશે સોઈ. ૩૧

જ્ઞજ્ઞા થા સહુ ગુણથી જ્ઞાત,
ગુણ વિણ કોઇ નથી વિખ્યાત;
ગુણ નથી જેમાં તે છે પશુ,
ગુણ વિણ નહીં પામે કદી વસુ.
ગુણમાં એવા ગુણ છે ઘણા,
યત્ન કરો ગુણ મળવા તણા;
જ્ઞાન નથી જેને ઘટ રહ્યો,
જ્ઞજ્ઞા તેને પશુ ઉપર લહ્યો. ૩૨

કવિત.

જાદવજી કોટવાલ કેરા પુણ્યશાળી પુત્ર;
પુરૂષોત્તમ સુત ત્રીવિક્રમ સંજ્ઞારી છે.
તેણે ઉર ઇચ્છા ધરી લઘુ આ કવીતા કરી;
ઉર્મિ અંતર તરી તેમ વાણી વિસ્તારી છે.
ભુલચુક હશે ઘણી, જોશો નહીં તેના ભણી,
રીતી રાખો હંશતણી, ઇચ્છા એમ મારી છે.
૧ ૯ ૭ ૧
વિક્રમના વર્ષ મહી, ગૃહ ઋષી ઇશ અંકે,
ફાલગુન માસે નિશંકે પોથી આ પ્રસારી છે. ૩૩